# <u>કૃષિ મહાવિદ્યાલય, વસો દ્વારા "ફીટ ઇન્ડિયા ફ્રીડમ રન" કાર્યક્રમની ઉજવણી</u>

કૃષિ મહાવિદ્યાલય, વસોના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે **"ફીટ ઇન્ડિયા ફ્રીડમ રન"** કાર્યક્રમ ખેડા જીલ્લા માટે નિયત તારીખ ૧૮/૦૯/૨૦૨૧ને શનિવારના રોજ વસો ગામ ખાતે યોજાયેલ.

આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ શાખાના ડીનશ્રી ડૉ. વાય. એમ. શુક્લા હાજર રહ્યા હતા અને તેઓએ પ્રસંગોચિત્ત ઉદબોદનમાં સ્વાસ્થ્યનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને ઓછામાં ઓછું ૨ કિ.મી. જેટલું દરરોજ દોડવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. આ પ્રસંગે વસો ગામનાં સરપંચ શ્રીમતી લીલાબેન પટેલ, ઉપસરપંચશ્રી દિગંતભાઇ વ્યાસ તથા ગામના અગ્રણીઓ શ્રી કનુભાઈ પટેલ, મનુભાઈ જાદુગર અને વસો પોલીસ સ્ટેશનમાથી શ્રી શૈલેષભાઈ અને કૃષિ મહાવિદ્યાલય વસોના વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ ગણ ઉપસ્થિત રહેલ. ડૉ. વાય. એમ. શુક્લા એ અને વસો ગામનાં સરપંચશ્રીએ લીલી ઝંડી બતાવી "ફીટ ઇન્ડિયા ફ્રીડમ રન"નો આરંભ કરાવેલ .ઊપરાંત, આ પ્રસંગે હાજર રહેલ મહાનુભાવોએ વસો ગામ ખાતે આવેલ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ તથા શ્રી દરબાર ગોપાળદાસ દેસાઈની ની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી અભિવાદન કર્યું હતું.

આ કાર્યક્રમ**માં** કૃષિ મહાવિદ્યાલય, વસોના વિદ્યાર્થીઓએ પોસ્ટર સાથે સુત્રોચ્ચાર કરી ગામનાં લોકોમાં સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાં પ્રયત્ન કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ. વી. પી. રામાણીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનીકના રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારીઓ કુ. પુષ્પા એસ. પરમાર અને શ્રી સહદેવ આર. લુહાર દ્વારા કરવામાં આવ્યું હતું.




CELEBRATING 75 YEARS OF INDIA'S INDEPENDENCE
FREEDOM
RUN
NATIONAL SERVICE SCHEME
COLLEGE OF AGRICULTURE


EAT
HEALTHY
BE
HEALTHY


CELEBRATING 75 YEARS OF INDIA'S INDEPENDENCE
FREEDOM
RUN
NATIONAL SERVICE SCHEME
COLLEGE OF AGRICULTURE



*******